ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## સંપત્તિનું પરફેક્ટ પ્લાનિંગ જરૂરી

પૈસા એ ખાતર જેવા છે જો એને ફેલાવી નહીં દઇએ તો ગંધાઇ ઉઠશે. સંપત્તિને માત્ર સંગ્રહિત કરવાની નથી. નદીના વહેણની જેમ વહેવા દો. વહેતું નિર્મળ રહે છે. બંધિયાર ખાડાની અંદર રહેલાં પાણીમાં મચ્છરોની ઉત્પતિ થાય છે કે જેના કારણે રોગોનો રાફડો ફાટે છે. સંપત્તિનાં ક્ષેત્રે પણ એવું જ છે.સંપત્તિને ફરતી રાખવી જોઇએ.સંપત્તિ જયાં જશે ત્યાં સાચા અર્થમાં સુખ, શાંતિ, સમૃધ્ધિ અને સ્વસ્થતાનું પ્રદાન કરશે. જેમ ખાતરને ખેતરમાં એક જગ્યાએ ઠાલવવાનું હોતું નથી તેમ સંપત્તિનાં માત્ર ઢગલા કરવાના નથી. જયાં જરૂરિયાત હોય ત્યાં આપીને સુગંધી ફેલાવો.

આજે શ્રીમંતોના ત્યાં સંપત્તિના ટેકરા થયા છે અને ગરીબોના ત્યાં મોટી-મોટી ખાઇઓ જોવા મળે છે. જેના ત્યાં ચૂલો પણ નહીં સળગતો હોય, જેને રહેવા માટે ઝૂંપડું પણ નહીં હોય, જેને સૂવા માટે ફૂટપાથ પણ નહીં હોય, જેને પહેરવા માટે કપડાં પણ નહીં હોય એવાઓનો કોઇ દિવસ વિચાર પણ જો આ શ્રીમંતોને નાં આવતો હોય તો સમજી રાખજો કે, આ શ્રીમંતોના ફલેટ,મેડીબંધ મકાનો, બંગલાઓ કે ફાર્મહાઉસો સલામત નથી. ગમે ત્યારે એ શ્રીમંતોના ઉપર અણધારી આફતોના વાવાઝોડા ત્રાટકી શકે છે. જાનનું જોખમ પણ થઇ શકે છે. ભૂખ્યા માણસો શું નહીં કરે તે મોટો સવાલ છે. અત્યારે સમય પલટાયો છે. જો સમય પ્રમાણે તમે નહીં ચાલશો તો સમય તમને ગમે ત્યાં ઉંચકીને ફેંકી દેશે. અત્યારે નામના અને કામનાની પાછળ પાગલ થઇને તમારી સંપત્તિને જયાં ત્યાં નહીં જવા દો. સંપત્તિનું પરફેક્ટ પ્લાનિંગ કરો. મંદી, માંદગી અને મોંઘવારીની નાગચૂડમાં ફસાયેલાને બહાર કાઢવા શ્રીમંતોએ દાનનો પ્રવાહ બદલવોએ સમયની માંગ છે.

નામના અને કામનાની પાછળ પાગલ થઇને તમારી સંપત્તિને જયાં ત્યાં નહીં જવા દો, સંપત્તિનું પરફેક્ટ પ્લાનિંગ કરો: પૈસા એ ખાતર જેવા છે જો એને ફેલાવીએ નહીં તો ગંધાઇ ઉઠશે.

■ મસ્ત મંગેરા

સફર ૧૪૪૩ ઓકટોબર ૨૦૨૧ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasociety@yahoo.com
vohrasamachar@gmail.com
vohrasamachar@yahoo.com

## જઝાકુમુલ્લાહ

● **જનાબ સુલેમાન એ. ભાયાત સા. નવસારી** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** તેમજ **જ.મોહંમદ ઇબ્રાહીમ ભાયાત સા. નવસારી** તરફથી **રૂા. ૨૦૦૦/-** સોસાયટીના **ઝકાતફંડ**માં **જ. ઇકબાલભાઇ ઉનીયા સા.** હસ્તે મળ્યા છે.

**અલ્લાહપાક મદદ આપનારા અપાવનારા સર્વેને બહેતરીન બદલો બન્ને જહાનમાં આપે.આમીન.**

## શાદી મુબારક

આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ વોલસોલ-યુ.કે. ખાતેના માનદ્ પ્રતિનિધી **જ.સલીમભાઇ હસનજી પટેલ સા.** ના નેક ફરજંદ **અશરફ** ની શાદી બર્મીંગહામ ખાતે **અમીના** સાથે **તા.૩૦-૦૮-૨૦૨૧** ના સોમવાર ના રોજ થઇ છે. આ ખુશીના પ્રસંગે સોસાયટીના કાર્યકર્તાઓ નવદંપતીને તથા તેમના વાલેદૈનને મુબારકબાદી પાઠવે છે. અલ્લાહપાક દુલ્હા-દુલ્હનની જોડીને આબાદ અને સુખી રાખી મોહબ્બતથી ભરપૂર લાંબુ આયુષ્ય બક્ષે અને બન્ને ખાનદાનમાં મોહબ્બત અતા ફરમાવે.આમીન.

## આપણા સમાજનું ગૌરવ

### M.B.B.S.



મૂળ **મહુવેજ** ના વતની અને હાલ **મુંબઇ** સ્થાઇ **સના સલીમ પટેલ** એ મહારાષ્ટ્ર યુનીવર્સીટી ઓફ હેલ્થ સાયન્સ, નાસીક દ્વારા લેવાયેલ **M.B.B.S.**ની પરીક્ષા જામીઆ ઇસ્લામીઆ ઇશાતુલ ઉલુમ ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, જાલના (ઔરંગાબાદ) માંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ડૉકટરની પદવી મેળવી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.** હાલ એઓ નાણાવટી હોસ્પિટલ, મુંબઇમાં સેવા આપે છે. એઓ એમ.ડી.ગાયનેક બનવાની તમન્ના રાખે છે. અલ્લાહપાક એમની તમન્ના પુરી કરે. આમીન

### B.H.M.S.



મૂળ **તડકેશ્વર** ના વતની અને હાલ **ખોલવડ** સ્થાઇ **અઝરા સલીમ દોડકીયા** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી,સુરત દ્વારા લેવાયેલ **B.H.M.S.**ની પરીક્ષા શ્રી સી. એન. કોઠારી હોમિયોપેથિક મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વ્યારા માંથી પાસ કરી ડૉકટરની પદવી મેળવી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

### M.Sc



**મોટાવરાછા** ના વતની **હુનયનહ ફૈયાઝઅહમદ ઉમરજી** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ **M.Sc** ની પરીક્ષા ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

### B.Library



**ખરોડ** ના વતની **ઇનામુલ હસન ઇદ્રીસ અસ્વાત** એ સરદાર પટેલ યુનીવર્સીટી, આણંદ દ્વારા લેવાયેલ Bachelor of Library And Information Science ની પરીક્ષા આણંદ ઇન્સ્ટીટયુટ ઓફ પી.જી.સ્ટડીસ ઇન આર્ટસ કોલેજ માંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

### B.A. Honours

આપણી સોસાયટીના હિતેચ્છુ **ઘોડાદરા** ના વતની અને હાલ **કેનેડા** સ્થાઇ **જ. ઐયુબભાઇ હાંસલોદ સા.** ની પૌત્રી **જુવેરીયા ફીરોજ હાંસલોદ** એ યોર્ક યુનીવર્સીટી, કેનેડા દ્વારા લેવાયેલ **B.A. With Honours** ની પરીક્ષા ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

### મુબારકબાદ



**તા.૧૮-૯-૨૦૨૧** થી **૧૯-૯-૨૦૨૧** નડિયાદ ખાતે યોજાયેલ નેશનલ સ્તરની પાવર લીફટીંગની સ્પર્ધામાં આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ યશફિન હોસ્પિટલના ટ્રસ્ટી સિમલક નિવાસી જ. અબ્દુલ્લાહભાઇ વૈદ સા. ના ફરજંદ **સુલેમાન** એ ૮૦-૮૮ કિલોગ્રામની કેટેગરીમાં સ્કવોટ અને ડેડલીફટીંગ થઇ **૪૦૦** કિલોગ્રામ વજન ઉંચકી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

## વહોરા સમાચાર

■ **હદીશ શરીફ**

**જાલીમ ને જુલ્મ કરતાં ન રોકયો, તે તેને મદદ કરવા બરાબર છે.**

■ **ચિંતન**

**ઘણીવાર મને બોલી દીધાનું દુ:ખ થાય છે, મૌન રહેવાનું દુ:ખ કદી થતું નથી.**

**અંક : ૧૦**

**માસ : ઓકટોબર ૨૦૨૧**

**માહે : સફર ૧૪૪૩**

**તંત્રી : મસ્ત મંગેરા**

■ **મુકતક :-**

**જીવનને દર્દ - વ્યથા કેરી ખેંચતાણ મળી,**
**પ્રવાસમાં મને મિત્રોની ઓળખાણ મળી !**
**તમામ દુ:ખોને વ્યથાના ઇલાજના છે કસમ,**
**દવાઓ શોધી તો પીડા જ રામબાણ મળી !**

■ **શેર :-**

**મસ્ત જોનારાઓ દ્રષ્ટિ કેળવે,**
**દિવ્ય દર્શન છે અમારી જીંદગી !**

**- મસ્ત**

## ■ તંત્રી સ્થાનેથી...!

**આવ્યા તમાશો જોયો અને લીન થઇ ગયા,**
**ભૂલી ગયા કે પાછા જવાનું છે ઘેર પણ.**

વહોરા સોસાયટી ૭૫ માં વર્ષમાં કાર્યરત છે ત્યારે આપણે સૌ - **અમૃત મહોત્સવ** - સમજદારી પૂર્વક, સમજી વિચારીને આગળ વધારીએ એ ઘણું જરૂરી બની રહે છે.

૭૫ વર્ષની લાંબી મજલ એ આપણા માટે યાદ રાખવા લાયક અને આગળ એની પ્રગતિ અને પ્રવૃત્તિ માટે મહત્વની રૂપરેખા નકકી કરીએ એ જરૂરી બન્યું છે.

આપણે સિધ્ધિઓ તો ઘણી મેળવી પણ હવે મારું ખાસ સૂચન છે.

આપણો લક્ષ્યાંક બદલીયે અને ઉચ્ચતમ ડિગ્રી પ્રાપ્ત કરવા માટે આપણા વિધાર્થીઓને પ્રેરણા આપીએ.

આ માટે સૌથી પહેલાં વિધાર્થીઓનો જ એક સમારંભ રાખીએ - જેમાં તજજ્ઞોને બોલાવી માર્ગદર્શન આપીએ.

બીજું કામ આપણા સમાજ પાસે કેટલા ડૉકટરો અને અન્ય ડિગ્રી ધારકો, નોકરીઆતો (ચોકકસ - ઉચ્ચકક્ષાની નોકરી કરતાં હોય એવા) લોકોની પણ ગણતરી કરીએ - કામ અઘરું છે - પણ થાય એવું છે.

સમાજને આવનારા સમય માટે કેવા પ્રકારના તજજ્ઞો - .. ની જરૂર છે એની નોંધ લઇએ અને તે દિશામાં આગળ વધવા પ્રયત્નો કરીએ.

આપની પાસે કોઇ સૂચન હોય તો મોકલવા ખાસ વિનંતી - આભાર સહ.

▪ **મસ્ત મંગેરા (કાંગવઈ)**

**E-mail : mastamangerakangwai@yahoo.com**
**Mob : 9426771991**

તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

# કયામતથી જન્નત સુધી

- મૂસાજી દીપક બારડોલીકર

## અલ્લાહની દયા

અલ્લાહ તઆલા અત્યંત ઉદાર છે, દયાળુ છે, કૃપાળુ છે. તેની દયાની કોઇ હદ નથી. કોઇ મિસાલ નથી. તે પોતાનાં સર્જનોને પુષ્કળ ચાહે છે. તેમને દુ:ખોમાં, આપત્તિમાં રીબાતા જોવાનું તે પસંદ કરતો નથી. હંમેશ ખુશહાલ જોવા ઇચ્છે છે. આ કારણ છે કે કોઇ ઇચ્છે યા ન ઇચ્છે તેની કૃપા, તેની દયા તેનાં સર્જનોના પડખે રહે છે. કલામે પાકના શબ્દોમાં કહીએ તો:

મારા બંદાઓ વચ્ચે જાહેર કરો કે હું ખરેખર ક્ષમાવાન છું, કૃપાવાન છું. (અલ-હિજર-૧૫:૪૯)

અને તમે જયાં પણ હશો, તે તમારી સાથે છે. (અલ-હદીદ-૫૭:૪)

હંમેશા પોતાનાં સર્જનોના પડખે રહેનારો, મહાક્ષમાવાન અલ્લાહ, તેના શ્રધ્ધાવાન ગુનેગાર બંદાને આગમાં શેકાતાં જોતો રહે એ શકય નથી. અલબત્ત અલ્લાહના અસ્તિત્વનો ઇન્કાર કરનાર તથા તેના એકત્વને નકારનારાઓની વાત જુદી છે. તેમના વિશે અલ્લાહનો આ ફેંસલો છે: અને જે શ્રધ્ધાહીન છે અને અમારી આયતોને નકારે છે તે છે જહન્નમવાસી.

(અલ-માઇદહ -૫:૧૦)

મતલબ કે અલ્લાહના અસ્તિત્વનો, અલ્લાહના એકત્વનો અને અલ્લાહની આયતોનો ઇન્કાર કરનારા ખરા જહન્નમવાસી છે. આગથી તેમનો છૂટકારો નથી. નિરંતર બળશે.

અબૂ હુરયરહ (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, અધમ સિવાય કોઇ (હંમેશ માટે) જહન્નમમાં જશે નહીં કોઇકે પૂછયું: ઓ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અધમ કોણ છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, તે કે જે અલ્લાહનો ફરમાંબરદાર નથી. અને પાપને તજતો નથી.

(ઇબ્ને માજા, મુસનદ અહમદ)

અલ્લાહના પયગામનો, ફરમાનનો અનાદર કરનારા અધમ પાપીઓ આગમાં સતત બળશે.પગથી હૃદય સુધી શેકાશે, કોયલો થશે, ફરી મૂળ સ્વરૂપ ધારણ કરશે અને પુન:બળશે. ઇબ્ને મુબારકે (રહ.) ખાલિદ ઇબ્ને અબૂ ઇમરાનની મંજુરીથી નોંધ્યું છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, જહન્નમની આગમાં જેને નાંખવામાં આવશે, તેના હૃદય સુધીના ભાગને આગ બાળશે, તે પુન: તેનું (અસલ) સ્વરૂપ ધારણ કરશે અને તે (બળણનો ક્રમ) ફરી શરૂ થશે, તેના હૃદયના ભાગ સુધી. આમ હંમેશ થતું રહેશે.

(અઝ-ઝુહદ, તફસીર કુરતુબી)

### પુછગાછ વિના :

આ દશા હશે, ઇમાનહીન અધમ લોકોની. જયારે પુનર્જીવનના દિવસે, ઇમાનવાળા સદાચારીઓની તો વાત જ કંઇક ઔર હશે. તેમને ન અફસોસ હશે, ન ખોફ. વળી તેમની વચ્ચે એવા ભાગ્યશાળીઓ પણ હશે, તે કશીયે પૂછગાછ કે શિક્ષા વિના જન્નતુલ ફિરદૌસમાં પ્રવેશ મેળવશે. અલબત્ત એ ભાગ્યશાળીઓ સિવાયના તે ઇમાનવાળા, જે તેમના જીવન દરમિયાન, ગુનાઓમાં સંડોવાયા હશે તેમણે ગુનાના હિસાબે શિક્ષા ભોગવવી પડશે. અને ત્યાર પછી જન્નતમાં પ્રવેશ મળશે.

અહાદીસમાં દર્શાવ્યા પ્રમાણે કશી પૂછગાછ વિના જન્નતુલ ફિરદૌસમાં પ્રવેશ પામનારા ઇમાનવાળા સિત્તેર હજાર હશે. ઇમરાન ઇબ્ને હુસૈન (રદિ.) વર્ણવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયુ: મારી ઉમ્મતના સિત્તેર હજાર માણસો કશી પૂછગાછ કે શિક્ષા વિના જન્નતુલ ફિરદૌસમાં પ્રવેશ મેળવશે.કોઇકે પૂછયું: એ કયા લોકો હશે, ઓ અલ્લાહના રસૂલ ? આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું એ તે લોકો હશે જે નામોશીકારક નકલખોરી (ઠેકડી-મશ્કરી) કરતા નથી, જંતરમંતર કરતા નથી, પક્ષીઓથી ઇષ્ટ-અનિષ્ટ સૂચક શકૂન (ફાલ) લેતા નથી, બલ્કે પોતાના માલિકમાં વિશ્વાસ ધરાવે છે. (તબરાની)

## અલ્લાહની પકડ:

ઉપરોકત હદીસમાંથી બોધ મળે છે કે પોતાના માલિકમાં સુદઢ વિશ્વાસ ધરાવનારા લોકો અન્ય કોઇની, બેઆબરૂ કરનારી ઠેકડી કરતા, નકલ ઉતારતા કે સ્વાંગ ધરતા નથી. તેઓ નજુમીઓ પાસે જતા કે પક્ષીઓથી ફાલ ખોલાવતા નથી અને જંતરમંતર પણ કરતા, કરાવતા નથી. એ સૌ સમાજને નૈતિક અધ:પાત પ્રતિ ખેંચી જનારા અનિષ્ટો છે. અલ્લાહ તઆલા એ અનિષ્ટો અને તેની અંદર રાચનારાઓને પસંદ કરતો નથી. આમ છતાં અલ્લાહની દયાનો, ક્ષમાનો પાર નથી. અને તે ગુનેહગારોની તાબડતોબ પકડ કરતો નથી. કલામે પાકના શબ્દોમાં કહીએ તો: અગર અલ્લાહ, લોકોને તેમનાં કર્મો બદલ પકડવા લાગે તો આ પૃથ્વી પરના એક પણ જીવને તે છોડે નહીં. પરંતુ એક મુકર્રર સમય સુધી તે તેમને ઢીલ આપે છે. અને જયારે તેમનો સમય આવશે તો ( તેમના કર્મોનો બદલો આપશે), અલ્લાહ તેના સર્વ બંદાઓને જોનાર છે. (ફાતિર-૩૫:૪૫)

અને વિશેષ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતાં આમ પણ કહેવામાં આવ્યું છે: (ઓ લોકો) દેખીતા અને છાના ગુના કરવા તજી દો. નિ:શંક જે લોકો ગુના કરે છે તેમને તેમના દુરાચારની શિક્ષા મળશે.

(અન્આમ - ૬:૧૨૧)

અને આ શિક્ષા તથા અલ્લાહની પકડ કેવી હશે એ વિશે કલામે પાકમાં ફરમાને ઇલાહી છે: એ દિવસે તે (અલ્લાહ) એવી શિક્ષા કરશે. જેવી કોઇ કરી શકતું નથી. અને તેની પકડ એવી હશે, જેવી કોઇ કરી શકતું નથી. (અલ-હજર-૮૯:૨૫-૨૬)

## સિફારસ કરાશે:

અલ્લાહની પકડથી કોઇ બચી શકતું નથી. શ્રધ્ધાહીનો, નાસ્તિકો, અનેકેશ્વરવાદીઓ તથા દંભીઓ-મુનાફીકો તો તેમની પકડમાં છે જ. તેમના માટે છુટકારાની ગુંજાઇશ નથી. એ સિવાય મોમિનોમાંના તે લોકો, જે તેમના જીવનમાં દુરાચાર કરતા રહયા હશે તેઓ, તેની પકડમાં આવશે.જહન્નમમાં જશે. ગુનાના હિસાબે શિક્ષા ભોગવશે.

પોતાની ઉમ્મતના આ ગુનેગારો જહન્નમની આગમાં બળતા રહે તેને નબી કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પસંદ કરે એ કોઇ રીતે સંભવિત નથી. તેમના છુટકારા માટે નબીયે રહમત સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ બારગાહે ઇલાહીમાં સિફારસ કરશે અને ત્યાંથી ઉત્તર મળશે:માંગો, ઓ મુહમ્મદ ! તમને આપવામાં આવશે. સિફારસ કરો અને તે સ્વીકારવામાં આવશે. (મુસતદરક હાકિમ, મુસનદ અહમદ)

અત્રે આ હદીસ પણ ખાસ નોંધવા યોગ્ય છે. અબ્દુલ્લાહ ઇબ્ને સલામ (રદિ.) વર્ણવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું: હું આદમની ઔલાદનો વડો છું અને એ કોઇ શેખી નથી. હું પહેલો છું જેના માટે ધરતી (સૌથી પહેલાં) ફાટશે. અને હું પહેલો સિફારસ કરનાર છું અને હું પહેલો છું, જેની સિફારસ (સૌથી પહેલાં) કબૂલ કરાશે. મારા હાથમાં પ્રશંસાની ધજા હશે અને આદમ તથા અન્યો એ ધજા હેઠળ હશે. (તિરમીઝી, ઇબ્ને માજા)

મતલબ કે પુનર્જીવનના દિવસે સિફારસ કરવાનો અધિકાર આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અપાયો હશે. અને સિફારસના સ્વીકારની ખાતરી પણ. વળી આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના હાથમાં પ્રશંસા સૂચક ધજા હશે અને એ ધજા તળે હઝરત આદમ (અલૈ.) અને અન્ય સૌ લોક હશે ! અલ્લાહુ અકબર ! કેવી અનન્ય શાન, મારા આકાની !

મળેલા અધિકાર રૂએ આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સિફારસ માટે બારગાહે ઇલાહીમાં હાજર થશે. શિર સજદામાં ઝુકાવી દેશે. અને ત્યારે ફરમાને ઇલાહી થાશે: શિર ઉઠાવો અને માંગો, તમારો સવાલ પૂરો કરાશે. બોલો, તમારી વાત સાંભળવામાં આવશે. **(ક્રમશ)**

# અલ્લાહનો ખૌફ

- પ્રો. ડો. હસન લુણત વિતાન

માણસે કોનાથી ડરવું જોઇએ ? નોકરે પોતાના માલિકથી ? સંતાનોએ પોતાના માતાપિતાથી ? શિષ્યોએ પોતાના ગુરૂથી ? પત્નીએ પોતાના પતિથી ? સામાન્ય રીતે એવું જોવામાં આવે છે કે પોતાના કરતાં જેની પાસે વધુ સત્તા હોય, પોતાના કરતાં જેનો વધુ પ્રભાવ હોય, તેનાથી માણસ ડરતો હોય છે. તેને ડર લાગે છે કે ક્યાંક એ સત્તાવાન માણસની સત્તાને પડકારવાની પોતાની અસમર્થતાને લીધે પોતાને કોઇ નુકસાન કરી બેસશે. આથી શાસિત, કમજોર અને દબાયેલો માણસ સત્તાધારી, બળવાન અને તમામ રીતે સશક્ત માણસને રીઝવવાનો પ્રયત્ન કરે છે, તેને ખુશ રાખવાનો પ્રયત્ન કરે છે. દુનિયાના શાસકોના જે કાયદા છે, જે નીતિ-નિયમો છે, તેને અનુસરીને લોકો જીવવાનું પસંદ કરે છે. ક્યાંક કાનૂનનો ભંગ થઇ ગયો તો ? ક્યાંક નીતિ-નિયમો ન પાળી શકાયા તો ? સહુને સજાનો ડર લાગે છે. શાસકની, બળવાનની આમન્યા જાળવીને, કાયદાઓનું પાલન કરીને, નીતિ-નિયમોની મર્યાદામાં રહીને જીવવામાં જ ભલાઇ છે, એ સામાન્ય રીતે સહુ માણસ સમજે છે. દરેકને કોઇને કોઇનો ડર હોય છે. પ્યુનથી લઇને પ્રાઇમ મિનિસ્ટર સુધી દરેકને ક્યાંક ને ક્યાંક, કોઇને કોઇ પ્રકારનો ડર સતાવતો હોય છે. નેતાઓ, અભિનેતાઓ અને અંદર વર્લ્ડના માફિયાઓ - કોઇ ડરથી મુક્ત નથી. જે લોકો કાયદાઓ ઘડે છે અને જે લોકો એ કાયદાઓનું પ્રજા પાસે રક્ષણ અને પાલન કરાવે છે, તે લોકો પણ એજ કાયદાઓથી ડરતા હોય છે. નાના દેશો, રાંક દેશો મહાસત્તાઓથી-તવંગર દેશોથી ડરે છે. માણસ જંગલી પશુઓથી ડરે છે અને માણસ માણસથી પણ ડરે છે. આમ, પૃથ્વી પરનો પ્રત્યેક જીવ ક્યાંક ને ક્યાંક ડર અનુભવે છે.

પરંતુ માણસ કુદરતથી ડરતો નથી, અલ્લાહથી ડરતો નથી, પોતાના સર્જક અને રક્ષકથી ડરતો નથી. કુરઆનમાં વારંવાર ફરમાવવામાં આવ્યું છે: અલ્લાહથી ડરો. અલ્લાહે નબીઓ અને રસુલોને દુનિયામાં પયગમ્બર બનાવીને મોકલ્યા. તેમણે અલ્લાહથી ડરવાનો સંદેશો માનવજાતને આપ્યો. નબીઓ અને રસુલો અલ્લાહથી ડરાવનારા તરીકે ઓળખાયા. દરેક પયગમ્બરે પોતાના અનુયાયીઓને અલ્લાહથી ડરીને જીવવાનું, અલ્લાહનો ખૌફ દિલમાં રાખીને જીવવાનું પાથેય આપ્યું. છતાંય માણસ અલ્લાહથી ડરીને ક્યાં ચાલે છે ? તેના દિલમાં અલ્લાહનો ખૌફ કેટલો હોય છે ?

ગૈર કૌમની વાત બાજુએ મૂકો. મુસલમાનોની જ વાત કરો. કેટલા મુસલમાનો હરદમ અલ્લાહનો ખૌફ દિલમાં રાખીને જીવન ગુજારે છે ? ખૂબ જ થોડા મુસલમાનો એવા હશે કે જે ખરેખર અલ્લાહથી ડરીને પોતાનું જીવન વ્યતીત કરે છે. બાકી મોટાભાગના મુસલમાનો એવા છે જેઓ અલ્લાહથી બેખૌફ જીવી રહયા છે.

મુસલમાન હોય, અલ્લાહ એક છે. અને સર્વશકિતમાન છે - એવું યકીન ધરાવતા હોય, આખિરતનો-જન્નત અને જહન્નમના હોવાનો સ્વીકાર કરતા હોય, કયામત-હશરનું મેદાન-હિસાબ કિતાબનો દિવસ-આ બધી વાતો પર તેમનું ઇમાન હોય-છતાં અલ્લાહનો ખૌફ ન હોય એ વિચિત્ર લાગે તેવી સાચી વાત છે.મોટા ભાગના મુસલમાનોનું ઇમાન જીભ અને હોઠ પર હોય છે. ગળામાંથી અવાજ નીકળે છે. જીભ વિવિધ પ્રકારનું ઉચ્ચારણ કરે છે. હોઠ સાથ આપે છે. શબ્દો બહાર ફેંકાય છે. અભિવ્યકિત થઇ જાય છે.એક પ્રક્રિયા પૂરી થઇ જાય છે. અને દિલ (હૃદય) તેમાં સામેલ નથી હોતું. દિલ દૂર રહી જાય છે. અને જયાં દિલની સામેલગીરી ન હોય ત્યાં બીજા અવયવોની સક્રિયતા કેટલી સાર્થક નીવડે ?

અલ્લાહ અને ઇન્સાન (બંદા) વચ્ચેનો સંબંધ દિલથી જોડાયેલો હોવો જોઇએ. ઇમાન દિલમાં રહેતું હોય છે. અને અલ્લાહને દરેકના દિલની ખબર હોય છે. કુર્આનેમજીદમાં અલ્લાહ વારંવાર ફરમાવે છે: હું તમારા દિલોના ભેદ જાણું છું. અલ્લાહ સર્વજ્ઞ

છે. માણસના મસ્તિષ્કના ભેદભરમ કે હૃદયના રહસ્યો માણસ આખી દુનિયાથી ભલે છુપાવે, છુપાવવામાં ભલે સફળ થઇ જાય, પરંતુ એ બધુ એ અલ્લાહથી છુપાવી શકવાનો છે ? હરગીઝ નહીં.

પોતે જે કંઇ કરે છે,તે બધુ જ અલ્લાહ જુએ છે-આંખ,કાન, જીભ, હાથ, પગ, હૃદય,મસ્તિષ્ક-કોઇપણ અવયવ વડે, કોઇપણ સાધન કે શકિત વડે માણસ જે કંઇ પણ કૃત્યો કરે છે, અલ્લાહ તેની રજેરજથી, પળે-પળથી માહિતગાર હોય છે. આ નકકર સત્ય માણસ સ્વીકારે તો તેના હૃદયમાં અલ્લાહનો ખૌફ પેદા થાય. અલ્લાહ જુએ છે-જાણે છે, એ સ્વીકૃતિથી માણસ નાનકડું ખોટું કૃત્ય કરવા જતાં પણ ભીતરથી ધ્રુજી ઉઠશે. એનાં પગલાં પાછાં પડશે અને અપકૃત્ય કરતાં અટકી જશે, અલ્લાહનો ખૌફ એને સચેત અને સભાન રાખશે.

પરંતુ,અફસોસ, કે આજે મુસલમાનોના દિલોમાંથી અલ્લાહનો ખૌફ લગભગ નષ્ટ થઇ ગયો છે.અલ્લાહનો ડર રહયો નથી, એટલે પાપાચાર વધ્યો છે, એવું સીધું સમીકરણ અહીં ઇષ્ટ નથી. આમ જોવા જઇએ તો મસ્જિદ-મદ્રસાઓની સંખ્યા વધી છે, મુસલમાનોમાં દિની તાલીમનો ઝોક વધતો જ જાય છે, મસ્જિદોમાં નમાઝીઓની સંખ્યા વધી છે, મુસલમાન મર્દ-ઔરતોમાં ઇસ્લામી લિબાસનું ચલણ વધતું જાય છે. આ બધી સારી નિશાનીઓ છે.એનાથી મુસલમાનની એક પહેચાન ઉભી થાય છે.પરંતુ અલ્લાહને દિલોની પહેચાન પણ હોય છે, એ ભૂલવું ન જોઇએ. આથી દિલનું સ્વચ્છ હોવું જરૂરી છે.એ દિલ ઇમાનથી ભરેલું જોઇએ. માણસની દરેક હિલચાલ પર, એના મન- મસ્તિષ્કની દરેક ગતિવિધી પર અલ્લાહની નજર છે, અને પોતાનાં પ્રત્યેક કરતૂતનો છેવટે ઉત્તર આપવાનો છે અને તેમાંથી એ સહેજપણ છટકી શકવાનો નથી,આ બાબત દિલમાં બરાબર ઘર કરી જવી જોઇએ. તો એક ડર હંમેશા રહે - અલ્લાહનો ડર. આ ડર મુસલમાન માટે અનિવાર્ય (compulsory) બની રહેવો જોઇએ.

એક મસ્જિદના ઇમામસાહબ જુમ્આના દિવસે ખુત્બા પહેલાં લાંબી તકરીર કરે છે બુલંદ અવાજ છે. દીનનું જ્ઞાન છે. સારી રજૂઆત છે. મૌલાના ખૂબ ખીલે છે. નિયત સમય કરતાં એમનું બયાન લાંબુ જ ચાલે છે. ખાસ્સું પોણો કલાક (૪૫ મિનિટ) નું બયાન કરી પછી તેઓ ખુત્બો,નમાઝ, દુઆ - આ બધું ૧૫ મિનિટમાં પતાવી દે છે. અને તેમાં તેમની ઉતાવળ સ્પષ્ટ રીતે દેખાઇ આવે છે. એવું લાગે છે, જાણે ઇમામ સાહેબને માટે બયાન મુખ્ય છે અને ખુત્બો,નમાઝ, દુઆ ગૌણ છે. વિદ્વત્તા પ્રદર્શિત કરીને પ્રભાવ પાડવો એ મુખ્ય બાબત છે- ખુત્બો,નમાઝ, દુઆ ટૂંકમાં પતાવીશું તો ચાલશે. જો કોઇ મૌલાના કે ઇમામ સાહબ આવી મનોવૃત્તિ ધરાવતો હોય તો એના દિલમાં અલ્લાહનો ખૌફ વસ્યો નથી અથવા હજી કયાંક કસર છે એમ કહેવાશે. નમાઝ પ્રદર્શન માટે નથી કે તકરીર ટ્રસ્ટીઓ અને લોકોને ખુશ કરવા માટે નથી. નમાઝ હોય કે તકરીર હોય કે કોઇપણ અમલિયાત હોય,એ એકમાત્ર અલ્લાહને પ્રસન્ન કરવા માટે હોય તો જ એ સાર્થક થવા પાત્ર છે. નહીંતર એ કસરત માત્ર બની રહેવાનો સંભવ છે. જો દિલમાં અલ્લાહનો ખૌફ રાખીને ઇબાદતો કરીશું કે માનવ-વ્યવહારો કરીશું તો એમાં આપોઆપ તક્વા-પરહેઝગારી, ધીરજ, નમ્રતા,શાલીનતા વગેરે ગુણો આવશે. અને અલ્લાહની રઝામંદી હાંસલ કરી શકાશે.

કુરઆનમાં ખૌફ (ડર) સંબંધિત સંખ્યાબંધ આયતો છે.દા.ત. (૧) જેઓ પોતાના પરવરદિગારથી ડરે છે, તેમને માટે બોધ અને કૃપા છે. (૨) વાસ્તવિકતામાં માત્ર આલિમો જ અલ્લાહથી ડરતા હોય છે. (૩) અલ્લાહ એમનાથી રાજી થયો અને તેઓ અલ્લાહથી રાજી થયા. આ સ્થાન તેના માટે છે જે અલ્લાહથી ડરે છે.

અનુવાદ નં.૨ ની મૂળ આયત આ પ્રમાણે છે:

ઇન્નમા યખશલ્લાહ મિન ઇબાદિહિલ ઉલમાઅ (સૂરઅ ફાતિર-૩૫:૨૮)

આલિમો એટલે જ્ઞાનીઓ-જેમની પાસે જ્ઞાન છે તે સર્વ આલિમો. આમાં દુન્યવી તાલીમ ધરાવતા જ્ઞાનીઓનો પણ સમાવેસ થાય છે, એમ હું માનું છું. કારણ કે દુન્યવી ઇલ્મ અલ્લાહથી વિમુખ કરી દે,બેખૌફ કરી દે એવું કોઇ માનતું હોય તો એ એની

ભૂલ છે. અને દીની ઇલ્મ ધરાવતા ઉલમાઓ હંમેશા અલ્લાહથી ડરીને ચાલતા હોય, તે પ્રમાણેની જીવનશૈલી ધરાવતા હોય એ પણ સંપૂર્ણ સત્ય નથી.

આ આયત દ્વારા,વાસ્તવમાં, અલ્લાહે આલિમો અર્થાત્ બુધ્ધિજીવીઓ પર બહુ મોટી જવાબદારી નાંખી છે. જેઓને અલ્લાહે બુધ્ધિ આપીછે,તંદુરસ્ત મસ્તિષ્ક આપ્યું છે,તેમને અલ્લાહની સર્વોપરિતાનો અહેસાસ થવો જ જોઇએ. અને જેઓ અલ્લાહને સર્વસત્તાવાન તરીકે સ્વીકારે તેઓ તેનાથી ડરતા પણ રહે એ સ્વાભાવિક છે. બુધ્ધીજીવીઓએ અલ્લાહથી ડરવું જોઇએ,અન્યોને અલ્લાહથી ડરવાનો બોધ આપતા રહેવુ જોઇએ.આ તેમનું અલ્લાહે સોંપેલું કર્તવ્ય છે. પરંતુ વિશેષતઃ જોવામાં એવું આવે છે કે આલિમો અર્થાત્ ઇલ્મ ધરાવનારાઓમાં બાહ્ય ક્રિયાકાંડનું પ્રમાણ વધુ હોય છે અને ભીતર અલ્લાહનો ડર ઓછો હોય છે. અથવા ક્યારેક અલ્લાહનો ડર હોતો જ નથી. આમ તેઓ જવાબદારી અદા કરીને પણ જવાબદારીમાંથી છટકી જતા હોય છે. વાસ્તવિક્તામાં માત્ર આલિમો જ અલ્લાહથી ડરતા હોય છે. એ કથન દ્વારા અલ્લાહે આલિમો પર જે ભરોસો મૂક્યો છે, તેનું આલિમો દ્વારા જ આયાસે -અનાયાસે તૂટન થતું હોય છે.આ મુદ્દો ગહન છે. દિલ સાથે સંકળાયેલો છે. અલ્લાહ દિલોના ભેદ જાણે છે. દરેક બુધ્ધિજીવીએ પોતાના દિલમાં ઝાંકી લેવું જોઇએ, દિલને પૂછી લેવું જોઇએ. દિલ કદી ગલત ઉત્તર નહીં આપે. પ્રશ્નોત્તરી દિલ સાથે થવી જ જોઇએ.

અલ્લાહનો ખૌફ દિલમાં પેદા થવો. એ પણ અલ્લાહની નેઅમત છે. કોઇ જોતું નથી, પણ અલ્લાહ જુએ છે. કોઇ સાંભળતું નથી,પણ અલ્લાહ સાંભળે છે. કોઇ જાણતું નથી, પરંતુ અલ્લાહ જાણે છે. કોઇને ખબર નથી, પરંતુ અલ્લાહને સઘળી ખબર છે. કહેવત છેઃ દિવાલને પણ કાન હોય છે. આથી માણસ દિવાલની ઓથે છુપાઇને, કોઇ સાંભળી ન જાય તેમ ગુસપુસ કરતો હોય છે. અને હવે તો દિવાલમાં કેમેરા છુપાવીને માણસને રંગેહાથ પકડી શકાય છે. તો પછી અલ્લાહની પકડથી કેમ છૂટી શકાશે ? માણસ નિર્જન જગ્યાએ, ખુલ્લા મેદાનમાં હવા સાથે વાતો કરતો હશે, તો ત્યાં પણ અલ્લાહની મૌજુદગી હશે. આવી સભાનતાથી અલ્લાહનો ડર પેદા થાય છે. અને માણસ પાપાચારથી અટકે છે.

હું નાનો હતો, મદ્રસામાં પઢતો હતો, ત્યારે સાલાના (વાર્ષિક) ઇમ્તેહાનમાં બહારગામથી આવેલા મૌલવી સાહબે અમારી જમાઅતને પ્રશ્ન પૂછયો હતોઃ અલ્લાહ કહાં હૈ? જમાઅતનાં બધાં જ છોકરાંએ આંગળી આકાશ તરફ ઉંચી કરીને જવાબ આપ્યો હતોઃ અલ્લાહ ઉપર હૈ. જયારે મારો ઉત્તર હતો : અલ્લાહ હર જગહ હૈ અને મને શાબાશી મળેલી અને પ્રથમ નંબર આપેલો. બચપણની આ વાત આજે અહીં ટાંકવાનું યોગ્ય લાગ્યું છે. અલ્લાહ સર્વત્ર છે, સર્વવ્યાપી છે. દુનિયામાં આખા બ્રહમાંડમાં એક પણ ખૂણો એવો નથી, જયાં અલ્લાહ ન હોય. અલ્લાહ પ્રત્યેક જીવના અસ્તિત્વ સાથે જીવનપર્યાંત રહે છે. જીવન દરમ્યાન પણ તે જીવની (બંદાની) આજમાયશ કરે છે, અને મૃત્યુ પછી તો અવશ્ય તેની સમક્ષ જીવનના જમા-ઉધાર રજૂ થવાનાં છે. આ હકીક્તની સ્વીકૃતિ પર અલ્લાહનો ડર આધારિત છે. મુસલમાનો આ હકીક્તને સ્વીકારે છે. સાવ સરળ વાત છે. પરંતુ અમલીકરણ સમક્ષ અદારી બની જાય છે. અલ્લાહનો ડર દિલમાં વસતો નથી. કારણ કે દિલમાં બીજી ઘણી વ્યકિતઓ અને વસ્તુઓનો વસવાટ હોય છે. દુનિયાદારી રાખવી અને દુનિયાની નશ્વરતાનો પણ ખ્યાલ રાખવો, માનવીય સંબંધો સાચવવા અને અલ્લાહનો ખૌફ પણ હરહંમેશ હૃદયમાં રાખવો-આ થોડુંક અઘરું જરૂર હશે, પણ અશકય નથી જ અને દિલ- દિમાગને આ રીતે કેળવવામાં જ માણસનું કલ્યાણ છે. આખિરતનું સુખ અને આનંદ પ્રાપ્ત કરવા માટે દુનિયામાં અલ્લાહના ખૌફ સાથે જીવવું અનિવાર્ય છે. અલ્લાહપાક આપણને આ હકકીત સમજવાની અને તે પર અમલ કરવાની તૌફિક આપે, આમીન. ■

# એક તણખલાની વાત

- હનીફ નાકત (કોઠ)

દિકરા મકબુલ પવનની પાંખે કેમ કેમ એક મહિનો પુરો થઇ ગયોને આવતી કાલે સવારે તો તુ દિકરા જતો રહેશે. દિકરા તારી યાદ અમને બંનેને સતાવ્યા કરશે. અભરામ ચાચા એમના એક ના એક દિકરા મકબુલને કહી રહયા હતા. હાં બાજી હું તો તમને કહું કે મારી જોડે ચાલો સાઉથ આફ્રિકા પણ તમે અને માં માનતા જ નથી. અહીંયા તમે બંને એકલા રહો હું ત્યાં તમારા વિચારોમાં રહું. બાજી ચાલો ને મારી જોડે મકબુલે પોતાના બાજીને કહયું, પણ બાજી બોલ્યા મેં દિકરા મકબુલ આ મારા ગામની મટોળી (માટી) મને એટલી વ્હાલી છે કે હવે કયાંય જવુ નથી અને દિકરા અમો તારી જોડે આવીયે તો આ આપણી જમીન જાયદાદનું શું...મેં ના કહયું ને આ આવડો આલિશાન મહેલ બનાવ્યો. અરે દિકરા આપણું જુનુ ઘર તોડીને વ્યવસ્થીત જરા સરખુ ઘર બનાવતે તો પણ ચાલતે પણ ના તેં તો આવો ભવ્ય મહેલ બનાવી નાંખ્યો, બાજી ની વાત સાંભળીને મકબુલ હસતા હસતા બોલ્યો.. બાજી... અલ્લાહ પાકે જે સુખ આપ્યુ આમ આસાનીથી એને ભોગવવામાં તમને હરજ શું છે. બાજી રહોને માં જોડે એશ આરામથી... મકબુલની વાતે હસી પડતા ફરી બાજી બોલ્યા... દિકરા પાક પરવર દિગારે તો ખુબ આપ્યું...મારી આખા જીવનની દરેક નાની-મોટી ઇચ્છાઓ પૂરી થઇ. તુ ભલે ભણ્યો નહીં પણ ત્યાં કેપટાઉનમાં તુ એટલો મોટો હિરાનો વેપારી બની ગયો કે દિકરા મકબુલ તારા નામના ત્યાં સાઉથમાં ડંકો વાગે છે. આટલી ઓછી ઉમરમાં તુ એટલું કમાયો કે તારી સાત પેઢી ખાતા ખુટે નહી. તારા લીધે તો દિકરા મારૂ માથુ ફખ્રથી ઉંચુ થઇ ગયું. પણ દિકરા સુખ ભોગવવાની કોઇ સીમા કયાં છે. સુખ પચાવવામાં તો આજ પર્યંત કોનું મન ભરાયુ છે. દિકરા મારી ચાદર લાંબી તો છે પણ કેટલા પગ લંબાઉ ? પણ દિકરા મારી હવે તો એક જ ઇચ્છા છે કે તુ પરણીને ઠરીઠામ થઇ જાય, એટલે અમે પણ હાશકારો અનુભવીએ વાત વાતમાં અભરામ બાજીએ મુદ્દાની વાત મકબુલને કહી દીધી એટલે મકબુલ બે મિનીટ મૌન રહયો. બાજી એક માણસની બધી ઇચ્છાઓ કયાં પુરી થાય છે. પણ બાજી તમે તો નસીબદાર છો કે તમોએ ઇમાનદારીથી જીવન પુરૂ કર્યું. ગામમાં કે આપણા કુટુંબમાં કયારેય તમે કોઇને નડયા નથી. આ આપણી જમીન જાયદાદ ઉપરવાળાને ભરોસે છોડી દો. બાપ-દિકરા બહાર હિંચકે બેસીને આવી આવી વાતો કરી રહયા હતા. ઘરમાં બે કામવાળી અને પડોશમાંની અબ્દુલભાઇની એકની એક દિકરી નફીસા અને મકબુલની માં ઘરકામમાં પરોવાયેલા હતા.

વાત જાણે એમ બની હતી કે દશ વર્ષો પહેલા મકબુલ સાઉથ આફ્રિકા ગયો હતો. ત્યારે પણ માવતરની ઇચ્છા એકના એક દિકરાને વિદેશ મોકલવાની તો હતીજ નહીં પણ દિકરાની ખુશી માટે રડતા મોઢે દસ વર્ષો પહેલા સા.આફ્રિકા વિદાય કર્યો હતો. અને મકબુલનું નસીબ સારૂ કે પાંચજ વર્ષોમાં ત્યાં ડાયમંડ બિઝનેસમાં કિંગ બની ગયો હતો. કેપટાઉન જેવા ભવ્ય શહેરમાં પોશ વિસ્તારમાં એણે ભવ્ય મહેલ બનાવ્યો હતો. ઓગણત્રીસ વર્ષના મકબુલની પ્રશ્નાલિટી કોઇ હોલીવુડના એકટરને ટકકર મારે એવી હતી. પણ હાં એણે હજુ સુધી લગ્ન કર્યા ન હતા. આમને આમ દસ વરસોના લાંબા વિયોગ પછી એ ગામડે માવતરને જોવા અને રાજી થાય તો સાથે જ કેપટાઉન લઇ જવા આવ્યો હતો. પણ મકબુલના માવતર વિદેશની ધરતી ઉપર પગ મુકવા બિલ્કુલ તૈયાર ન હતા અને આવતી કાલે વ્હેલી સવારે મકબુલ એના મા-બાજીને છોડીને ફરી સાઉથ આફ્રિકા જઇ રહયો હતો.

આટલા વર્ષોમાં મકબુલ ત્યાંનો જ સિટીઝન થઇ ગયો હતો. બસ પરવરદિગારે એને ઘણું ઘણું આપ્યું હતુ. ફકત એના લગ્ન બાકી હતા અને મકબુલ પરણવા તૈયાર થાત તો અહિં ગામડે પણ કયાં કન્યાઓની ખોટ હતી અને ત્યાં સાઉથમાં પણ મોટા મોટા બિઝનેસમેનની કન્યાઓ હતી જ ને, પણ મકબુલ લગ્નની વાત આવે ત્યારે મગનું નામ મરી ન પાડતો. માંએ પણ એને વાતવાતમાં કહેલું ત્યારે મકબુલ હસતા હસતા વાતને ટાળી દેતો ત્યારે પડોશી નફીસા એને ટગર મગર જોયા કરતી. નફીસા એના કરતાં ત્રણેક વરસ નાની હતી પણ અહીં ગામડે બંને એક સાથે રમીને મોટા થયા હતા. નફીસાના હજુ લગ્ન થયા ન હતા. એના બે ત્રણ માંગા પણ આવેલા પણ પાછળથી ગામના કોઇ વિઘ્નસંતોષી પીન મારતા અને ગરીબ નફીસા કુવાંરીજ રહી પણ એક વાત ચોકકસ હતી કે નફીસા એ મનોમન

નીર્ધાર કર્યો હતો કે મકબુલના માં-બાપ ની ખિદમત કર્યા કરીશ. ભલે લગ્ન થવાના હોય કે ન થાય અને નફીસા સાચેજ મકબુલના બંગ્લે સવાર પડતા જ આવી જતી અને નિઃ સ્વાર્થ ભાવે મકબુલના ઘરડાં માં-બાપની સેવા કરતી.. જાણે નફીસા ઘરની જ દિકરી હોય એમ.

કયારેક મકબુલ વિષે એ મનોમન આવુ વિચારતી પણ ખરી... મકબુલ્યા તુ તો આવો મોટો માણાસ અને હું તો આજે પણ તણખલા જેવી... તારા તો સ્વપ્ના પણ મારા જેવી જોઇ ન શકે...હાં આપણા બાળપણની તથા યૌવનકાળની ખાટી મીઠી વાતોના સંભારણાં તો મારા હૃદયમાં આજે પણ સચવાયા છે. પણ મકબુલ્યા તને શા માટે યાદ દેવડાવું ? તુ આવો મોટો માણસ... તને યાદ અપાવુંને મને તુ ગાંડી ગણી લે તો ? ના ના જવાદે એ બધી બાળપણની વાતો તારે ને મારે વળી શું લેવા દેવા. કયાં ધુળમાં અટવાટુ એક તણખલુ ને કયાં પહાડના ટોચે ઉભેલો તુ.. તારા ને મારા વળી કેવા સંગાત.. નફીસા મકબલુને જોઇને આવુ આવુ વિચારતી રહેતી. એવું પણ ન હતું કે મકબુલ નફીસા જોડે વાતચીત જ ન કરતો. હાં એ વાત કરતો હસી મજાક પણ કરતો છતાં પણ ખપ પુરતી અરે એક દિવસ મકબુલની માં એ મકબુલને નફીસાની હાજરીમાં જ કહયું કે દિકરા હવે તો પરણી જા...કયાં સુધી આમ કુંવારો રહીશ ? ત્યારે નફીસા હસતા હસતા બોલી...ચાચી મકબુલ ને તમે પરણાવવાની વાત છોડી દો...એણે તો ત્યાં સાઉથમાં કોઇ વિસનહોરી મેડમ પસંદ કરી હશે. એને અહીં ગામડાની ગોરી કયાં પસંદ પડવાની હતી ? આવુ સાંભળીને મકબુલ હસી પડતો.

આમને આમ બીજે દિવસે વહેલી સવારે મકબુલ વિદેશ જવા માટે તૈયાર હતો, આંગણે કાર ઉભી હતી. ગામ આખાના લોકો મકબુલને વિદાય આપવા અભરામ બાજીના આંગણે ટોળે વળ્યા હતા. કારમાં બેસતા પહેલા બાજી બોલ્યા દિકરા જા સુખી થા... અને બેટા ખુબ ખુબ નામ રોશન કરજે. આજે આપણા આંગણે તને વિદાય આપવા એકઠા થયા છે એમાના ઘણા ગરીબ માણસો છે એ સહુને પણ ભુલતો નહીં...જા દિકરા સુખી થા. આટલું કહયું બાજી એ એટલે મકબુલ કારમાં બેસી ગયો. કાર ઉપડી પવનની પાંખે એરપોર્ટ તરફ પુરપાટ વેગે.

મકબુલના જવા પછી ઘરમાં એક સન્નાટો વ્યાપી ગયો. છાનાખૂણે નફીસા પણ મન મુકીને રડવા લાગી. મનમાં બોલી પણ ખરી વાહ રે મકબુલ સાવ આમજ મને ભુલી ગયોને ? બાળપણથી તારા સમણાં મારા મનમાં આંજી ને બેઠી હતી ને આમ સાવજ કંઇ બોલ્યા ચાલ્યા વિના ઉપડી ગયો શું તારા મનમાં એટલું બધુ ધનનું અભિમાન આવી ગયુ કે બે મીઠા બોલ પણ ન બોલી શકયો... ખૈર કંઇ નહીં જેવી ઉપરવાળાની મરજી... એમાં વળી મારે કયાં નારાજ થવા જેવું છે નફીસા રડતા મને આવુ આવુ વિચારી રહી હતી. અભરામબાજી અને ચાચી પણ મકબુલની વિદાયથી રડી રહયા હતા.

આમ પતંગીયાની પાંખે દિવસો વિતવા લાગ્યા જીવન સમયની સાથે ધબકતુ રહયું. મકબુલ કેપટાઉન પહોંચી ગયો હતો. પોતાના બિઝનેસમાં ફરી લાગી ગયો હતો અને ચારેક મહિના વિત્યા હશે કે એક દિવસ સવાર સવારમાં મકબુલનો ફોન બાજી ઉપર આવ્યો. સલામ પછી મકબુલ બોલ્યો... બાજી હું આવતા રવિવારે ઇન્ડિયા આવી રહયો છું. અહીંનો બધો જ મારો ધંધો છોડીને બધુ ફિનીશ કરીને આવુ છું. મકબુલની વાતથી બાજીને આશ્ચર્ય થયું...પણ ઝાઝી વાત ન કરતા ફકત બાજી એટલું જ બોલ્યા દિકરા મકબુલ જેવી તારી મરજી... આવતો રેહ...અહીં પણ આપણા વતનમાં આપણે કયાં ખજાને ખોટ છે ? અને મકબુલ અઠવાડીયામાં તો આવી ગયો. ગામ લોકો ને પણ મકબુલના ફરીથી આવવાથી કૌતુહુલ થયું. બાજી અને મા રાજી-રાજી થઇ ગયા. નફીસા મનોમન હરખાઇ ઉઠી. ગામ આખામાં વાયુવેગે વાત પહોંચી ગઇ કે મકબુલ પરત પોતાના વતન આવતો રહયો છે. તો બીજે દિવસે સવારે અભરામ બાજીએ મકબુલને પૂછયું બેટા મકબુલ કેમ આટલા ટુંકા સમયમાં આવતો રહયો ? તો હસતા હસતા મકબુલ બોલ્યો બાજી તમે તમારૂ ગામડુ તમારૂ વતન છોડવા તૈયાર ન થયા તો હું પણ મારો બધો કારોબાર છોડીને આવતો રહયો. બાજી તમારૂ ગામ એ મારૂ ગામ નથી ? મારા ગામની માટીની મહેક મેં કયારેય વીસરી નથી. બાજી સાચેજ મારા ટોટલ ધંધા છોડીને આવતો રહયો. બસ પાક પરવર દિગારે એટલુ આપી દીધુ કે મારે હવે પરદેશમાં હવાતીયા મારવાની જરૂર નથી. બસ બાજી અને માં હવે તો તમારી સેવા કરવી છે.

તમારા કદમોમાં રહી ને, બસ તમારી સેવા કરવી છે. મકબુલને આવુ બોલતા સાંભળીને માં એ ટહુકો મુકયો બેટા બકબુલ તારી બધીજ વાત સાચી દિકરા પણ હવે તો તુ લગ્ન કરી નાંખ. માની વાતે મકબુલ બોલ્યો માં મારે વળી કયાં કન્યા શોધવા જવાનું છે. આ નફીસા જોડે જ મારા લગ્ન કરાવી દો. આટલા વરસો તમને એણે પોતાના સમજી સાચવ્યા ને હવે હું બીજે પરણવા જાઉ તો નગુણો કહેવાઉ...મકબુલની આવી વાત સાંભળીને ઘરડા માવતરની આંખોમાં એક અનેરી ચમક આવી. ત્યાંજ આ વાત ચાલતી હતી કે નફીસા આવી જેવી નફીસા આવી એવી મા એ નફીસાને ગળે વળગાડી, નફીસાને માંના આવા વર્તનથી આશ્ચર્ય થયુ એ કંઇક કહે એ પહેલાજ અભરામ બાજી બોલ્યા દિકરી નફીસા તારા પપ્પા ઘેર છે ? નફીસાએ હાં કહયું એટલે અભરામ બાજી ઉતાવળે અબ્દુલભાઇ પાસે જવા તૈયાર થયા. માંએ આખી વાત નફીસાને જણાવી એ પણ વાત સાંભળીને લજામણી જેમ શરમાય ગઇ.

પંદર દિવસ પછી ધામધુમથી મકબુલ-નફીસાના લગ્ન લેવાયા. ગામ આખામાં આનંદ આનંદ છવાયો. લગ્નની પ્રથમ રાત્રીએ નફીસાએ મકબુલને કહયું મકબુલ આવડા મોટા જગતમાંથી તમને હું જ પસંદ પડી ? ત્યાં વિદેશમાં કેમ ન પરણ્યા ? નફીસાની વાત સાંભળી મકબુલ હસી પડયો અને બોલ્યો ઓ પ્રિય નફીસા બાળપણમાં જ મેં વિચાર કરેલો હું પરણીશ તો તને જ... બસ તારી મારા માવતરની દિલથી કરેલ સેવા મારા મનમાં ઘર કરી ગઇ હતી. બસ નફીસા હવે તો તુ અને હું મારા માં-બાજીની દિલથી સેવા કરીશું. આપણા ગામડામાં રહીશું, પૈસા તો મારી પાસે અઢળક છે, હવે મારે કયાંય જવુ નથી મકબુલ બોલી રહયો એટલે નફીસા રણકતા સ્વરે બોલી પણ મકબુલ તમો તો સાત સમંદર પારની સફર કરી આવ્યા પણ મને તો એકવાર પ્લેનમાં બેસાડશોને ? મારે પણ પ્લેનમાં બેસવાની ઘણી હોશ છે. સાંભળીને મકબુલ બોલ્યો ડોન્ટવરી ડાર્લિંગ આવતા વિકે આપણે યુરોપની ટુર ઉપર જઇશું. આ સાંભળી નફીસા મકબુલ ને વળગી પડી. લગ્ન જીવનની પ્રથમ રાત્રી બંનેને મુબારક... ■

## આપણે રોજ બીજાને કેટલું બદનામ કરીએ છીએ ?

આશરે ૨૦ વર્ષ પહેલા, અમારું ઘર ૧૭ શહેરીવર સ્ટ્રીટ પર હતું. અને અમે અમારા ઘરની નજીકની મસ્જીદમાં ઇબાદત, મજલિસ અને ધાર્મિક ઉજવણી માટે જતા હતા.

પેશઇમામ શેખ હાદી નામના હતા, જે મસ્જીદમાં જમાઅત સંભાળતા હતા અને તે ટ્રસ્ટી પણ હતા. એક દિવસ હું મગરીબ અને ઇશાની નમાઝ પઢવા મસ્જીદમાં ગયો અને વુઝુ કરવા માટે નીચે વુઝુખાનામાં ગયો. હું શૌચાલય ખાલી થવાની રાહ જોઇ રહયો હતો, જે દરમિયાન એક શૌચાલયનો દરવાજો ખુલ્યો અને શેખ હાદી તેમાંથી બહાર આવ્યા. અમે એકબીજાને દુઆ સલામ કરી અને શેખે વુઝુ ન કર્યું. અને બાથરૂમથી બહાર નીકળી ગયા. હું ખૂબ જ આશ્ચર્ય પામ્યો, શેખ કયાં વુઝુ કરે છે તે જોવા માટે તેમના પાછળ ગયો અને શેખ હાદીએ વુઝુ કર્યા વિના મેહરાબ મુસલ્લામાં પ્રવેશ કર્યો તે જોઇને મને આશ્ચર્ય થયું અને અઝાન એકામહ કરી નમાઝ પઢાવી અને લોકો શેખની પાછળ નમાઝ પઢયા. હું સંપૂર્ણપણે મૂંઝવણમાં હતો અને તરત જ હાજી અલીને,જે ઘણા વર્ષોથી અમારા પાડોશી હતા, કહયું કે મૌલાના હાજી શેખ હાદીએ વુઝુ નથી કર્યું. મેં તેમને બાથરૂમમાંથી બહાર આવતા જોયા પણ તેઓ એ વુઝુ ન કર્યું. મારા પર પુરો ભરોસો રાખનાર હાજી અલીએ આશ્ચર્ય સાથે કહયું, ચાલો ફરી નમાઝ પઢીશું, નેક લોકોમાં આ ઘટના વાયું વેગે ફેલાઇ ગઇ, મારા મિત્રો અને મેં, ખુદા ખાતર, શેખ હાદીના આવા બનાવ વિશે દરેકને જાણ કરી અને પાછળ નમાઝ પઢનારા ધીમે ધીમે શેખથી દૂર થતા ગયા. થોડા દિવસો પછી, તેના પરિવારને ખબર પડી. શેખની પત્ની ગુસ્સે થઇને તેના પિયરે ચાલી ગઇ અને મૌલાનાના બાળકોએ આ બદનામી માટે તેમના પિતાને છોડી દીધા. લોકો શેખ હાદીને શંકાની નજરે જોવા લાગ્યા તેથી બધે ચર્ચા ચાલવા લાગી, શું તે મુસ્લિમ છે ? તે જાસૂસ છે કે શું ? શેખ થોડા સમય પછી અમારા પડોશમાંથી નીકળી ગયા અને તેમના વિશે વધુ

સમાચાર નહોતા. આ ઘટનાના બે વર્ષ પછી, હું અને મારી પત્ની ઉમરાહ માટે ગયા અને પ્રદુષિત હવામાનને કારણે મક્કામાં બીમાર પડયા. પાછા ફર્યા પછી, હું ડૉક્ટર પાસે ગયો અને ડૉક્ટરે ચેકઅપ પછી મારા માટે કેટલીક ગોળીઓ અને ઇન્જેક્શન લખ્યા. બીજા દિવસે, જયારે હું મસ્જીદમાં નમાઝ માટે જવા માંગતો હતો, ત્યારે મેં પહેલા કિલનિકમાં જવાનું અને ઇન્જેક્શન લેવાનું નક્કી કર્યુ. ઇન્જેક્શન લેવા પછી હું મસ્જીદના બાથરૂમમાં ગયો જેથી હું ઇન્જેક્શન વાળી જગ્યા ધોઇ શકું. હું બાથરૂમમાંથી ઇન્જેક્શનની જગ્યા ધોઇને બહાર નીકળતો હતો ત્યારે મને અચાનક શેખ હાદીની યાદ આવી. મારી આંખોમાં અંધારા આવી ગયા, બધું મારી આસ પાસ ફરવા લાગ્યું જાણે મારા માટે દુનિયા બરબાદ થઇ ગઇ હોય. કદાચ એ મૌલાના પણ ઇન્જેક્શનની જગ્યાને પાણીથી ધોવા ગયા હશે! ઓહ ના હોય, ઓહ ના હોય, બીજું મને એ સમયે કાંઇ સમજાયું નહીં. હું ઘરે પછો ફર્યો, પુરી રાત સવાર સુધી ઉંઘી ન શકયો અને શેખ હાદી વિષે વિચારતો રહયો કે હું કેવી રીતે દિનદારો, મારા મિત્રો અને બીજા ધાર્મિક લોકોને નાદાનીમાં અલ્લાહ ખાતર મૌલાના શેખ હાદીની ઇઝઝત બરબાદ કરી દીધી, તેમના પરિવારથી જુદા કરીને બરબાદ કર્યો! બીજા દિવસે મેં શેખ હાદીને શોધવાનું જલ્દીથી શરૂ કર્યુ. હું હાજી ઇબ્રાહીમ પાસે ગયો અને તેને કહયું કે હું એક મહત્વપૂર્ણ કામ માટે શેખ હાદીને શોધી રહયો છું. તેણે કહયું:શેખનો હઝરત અબ્દુલ અઝીમના બજારમાં એક મિત્ર હતો અને સમય સમય પર તે તેને મળવા જતા હતા. તેનું નામ હાજી અહમદ હતું અને તે પરફયુમનું કામ કરતા, વિદાય આપ્યા પછી, હું સીધો શાહ અબ્દુલ અઝીમ બજાર ગયો અને હાજી અહમદ અત્તારીના ત્યાં ગયો. સદનસીબે, તે વેપારીનું સરનામું શોધી કાઢયું. ત્યાં મને દુકાનમાં એક વૃધ્ધ માણસ કાઉન્ટરની પાછળ કુર્આન પઢતો મળ્યો. મેં તેને સલામ કરી અને તેણે મને જવાબ આપ્યો અને મેં કહયુ માફ કરશો, હું શેખ હાદીને શોધી રહયો છું, દેખીતી રીતે તમારા મિત્રોમાંના એક છે, તમે તેને ઓળખો છો? વૃધ્ધ માણસે માથું હલાવ્યું અને કહયું, બે વર્ષ પહેલા શેખ હાદી મારી પાસે આવ્યા હતા ત્યારે તે ખૂબ જ અસ્વસ્થ, દિલગીર અને ખૂબ જ તૂટેલા હતા. મેં શેખને આવી સ્થિતિમાં કોઇ દિવસ જોયા ન હતા. ખૂબ આશ્ચર્ય થયું અને તેમને મેં પૂછયું કે કેમ તમારી આવી હાલત છે?

તેમણે જવાબ આપ્યો: હું બાથરૂમમાં ઇન્જેક્શનની જગ્યા ધોવા ગયો હતો અને દિનદાર લોકોએ મને પૂછયા વગર મારા ઉપર તોહમત લગાવી કે મેં વુઝુ કર્યા વગર નમાઝ પઢાવી. તેઓએ મને આ શહેરમાં એકલો છોડી દીધો, મારી ઇઝઝત બરબાદ કરી, મારા કુંટુંબ અને ફેમેલીને મારાથી દુર કરી અને હવે આ શહેરમાં હું રહી શકતો નથી, તમે જુઓ કે તેઓએ મારી સાથે શું કર્યુ.

આ વાકયો પછી, તેઓએ કહયું:તે આ શહેર છોડીને ઇરાક જવા ઇચ્છે છે જેથી તે આખી જિંદગી ઇમામ અલી અલ.ના હરમમાં મુજાવરી કરે, જેથી બાકીની જીંદગી ત્યાં વિતાવે, આ સાંભળીને મારા આંખોના આંસુ વહેવા લાગ્યા. અય મારા અલ્લાહ મારાથી કેટલી મોટી ભૂલ થઇ ગઇ. તે બનાવને લગભગ ૨૦ વર્ષ થઇ ગયા છે અને દરેક નજફની મુલાકાત લેનારાને હું શેખ હાદી વિશે પૂછું પણ, અફસોસ, શેખ હાદી મઝલુમ વિશે કોઇ સમાચાર નથી. આપણે રોજ બીજાને કેટલું બદનામ કરીએ છીએ? એક વાકયથી આપણે બીજાઓના જીવનને કેવી રીતે નાશ કરીએ છીએ, શું કોઇ દિવસ વિચાર્યુ? બીજાઓ વિશે ફેસલો કરવાથી સાવચેત રહો ખબર નથી તે કઇ હાલતમાં છે.

ગુજરાતી અનુવાદ સાભાર

**From Fountain of Ahlulbait** ■

● મેરી ખૂબીયોં પે રહે યહાં એહલે ઝુબાં ખામોશ,
મેરે ઐબો પે ચર્ચા હુઆ તો ગૂંગે ભી બોલ પળે.
● ડિગ્રીયાં તો તાલીમ કે ખર્ચો કી રસીદે હૈ,
ઇલ્મ વહી હૈ જો કિરદાર મેં ઝલકતા હૈ.
- અજ્ઞાત

# મોટા રોગોનું મૂળ વાસી ખોરાક

આજના ઝડપી જીવનમાં નોકરી ધંધા માટે બહાર પડેલી સ્ત્રીઓ તેમજ સામાજિક રીતે સક્રિય સ્ત્રીઓ પાસે જયાં રસોઇ બનાવવા માટે પૂરતો સમય નથી હોતો અથવા બીજી રીતે કહીએ તો ખૂબ બધો ખોરાક બનાવીને રેફ્રીજરેટરમાં સંઘરી રાખીને બીજી વાર બનાવવાના સમયમાંથી સ્ત્રીઓ મુકિત મેળવી લેતી હોય છે. વળી આટલું બધું વધ્યું છે તો વધેલા અન્નને ફેંકી તો ન જ દેવાય ને! એ રીતની વિચારસરણી ધરાવતા લોકો પણ છે. પહેલાંના જમાનામાં જયારે રેફ્રીજરેટર ઘરે ઘરે નહોતાં ત્યારે માંદગી પણ કદાચ આટલી બધી ઘરે ઘરે નહોતી એ આપણે સૌએ અનુભવ્યું હશે. કદાચ એનું એક કારણ એ હોઇ શકે કે ત્યારે ઘરમાં સ્ત્રીઓ પાસે રસોઇ કરવા માટેના સમયની આટલી અછત નહોતી. તાજો તથા ફ્રીજના અભાવે જરૂરિયાત પૂરતો બનાવેલો ખોરાક શરીરને માંદગીનું ઘર બનાવતા નહોતા, પરંતુ લોકો એ નથી જાણતાં કે કોઇ પણ કારણસર વાસી ખોરાક ખાતા આખરે શરીરને કેટલું નુકસાન પહોંચી રહયું છે.

ખોરાક રંધાઇ જાય પછી મોડામાં મોડા ત્રણ-ચાર કલાકમાં આરોગી જવો જોઇએ.

આવો, આ અંકે કઇ રીતે વાસી ખોરાક દ્વારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચી શકે છે તે જાણીએ.

**એસીડિટી :-** ખોરાક ત્રણ-ચાર કલાકથી જેમ જેમ જૂનો થતો જાય તેમ તેમ તેમાં એસિડનું ઉત્પાદન થતું હોય. ફ્રીજમાં મૂકવાથી આ એસિડના ઉત્પાદનની ગતિ થોડી ધીમી જરૂર પડે છે પરંતુ તેમાં એસિડના ઉત્પાદનની પ્રક્રિયા તો ચાલુ જ રહે છે. વળી, વાસી ખોરાક પચવામાં જટિલ થતો જાય જેને પચાવવા માટે આપણા જઠરે વધુ પ્રમાણમાં એસિડનું ઉત્પાદન કરવું પડે. આપ સૌએ આ પરિસ્થિતિનો અનુભવ કર્યો જ હશે કે વાસી ખોરાક ખાધા પછી અચૂક એસિડિટીનો સામનો કરવો જ પડે છે. આ એસિડિટી લાંબો સમય સુધી મટતી નથી અને જો વાસી ખાવાનું લાંબો સમય સુધી ચાલુ રહે તો વધુ પડતી એસિડિટીને કારણે પાચનતંત્રમાં ચાંદાં પડે છે જેને આપણે પેપ્ટીક અલ્સર (જઠરમાં ચાંદુ પડવું) અથવા અલ્સરેટિવ કોલાઇટીસ (આંતરડાંમાં ચાંદુ પડવું) તરીકે ઓળખીએ છીએ.

**ફૂડ પોઇઝનિંગ :-** ખોરાક વાસી થતાં તેમાં પાચનતંત્રને નુકસાનકારક એવા ફૂગ, પરોપજીવીઓ જેવા સૂક્ષ્મ જીવોનું ઉત્પાદન થાય છે અથવા તેમાં ભળે છે. આ સૂક્ષ્મ જીવો પાચનતંત્રનું રાસાયણિક સમતુલન ખોરવે છે અને પરિણામે વ્યકિતને ઝાડા અને ઉલ્ટી થાય છે જેને આપણે ફૂડ પોઇઝનિંગ તરીકે ઓળખીએ છીએ. આ ફૂડ પોઇઝનિંગ દરમ્યાન જઠર અને આંતરડામાં ઇન્ફેકશન થાય છે અને આ ઇન્ફેકશન જો યોગ્ય સારવાર દ્વારા ન મટે તો શરીરનાં અન્ય અંગો જેવા કે કિડની, લિવર અને ગોલ બ્લેડરને પણ ચેપ લગાડી હિપેટાઇટિસ જેવો રોગ ઉત્પન્ન કરી શકે છે.

**ડાયેરિયા :-** વાસી ખોરાકના સૂક્ષ્મ જીવો આંતરડાને વધુ પડતાં પ્રભાવિત કરે ત્યારે ડાયેરિયા થતાં હોય છે. આ ડાયેરિયામાં વ્યકિત શરીરમાંથી મોટા પ્રમાણમાં પાણી અને ખનીજ તત્ત્વો ગુમાવે છે. આ સમસ્યાની સારવાર ન કરાય તો શરીર ડીહાઇડ્રેશન અનુભવે જે જીવલેણ સાબિત થઇ શકે.

**સ્થૂળતા:-** એવું કહેવાય છે કે ખોરાક જેમ જેમ જૂનો થતો જાય તેમ તેમ તેમાં મસાલો વધુ સારી રીતે ભળવાથી ખોરાક વધુ સ્વાદિષ્ટ બને છે. આ વધુ સ્વાદિષ્ટ લાગતો ખોરાક વધુ માત્રામાં આરોગવા માટે મન લલચાય છે અને જરૂરિયાત કરતાં વધુ ખોરાક આરોગવાથી ચોકકસ સ્થૂળતા આવે છે.

**આમ, ઉપર મુજબની સમસ્યાઓનો એકમાત્ર ઉકેલ એટલે તાજો રાંધેલો ખોરાક.**

**આ માટે નીચે મુજબનાં પગલાં અનુસરો**

- જરૂરિયાત જેટલો જ ખોરાક રાંધો. વધુ પ્રમાણમાં ખોરાક રાંધો નહિં.
- ખોરાક રાંધીને ત્રણથી વધુમાં વધુ ચાર કલાકમાં આરોગી જાઓ.
- જો વધ્યો જ હોય તો બે કલાકમાં ફ્રીજમાં મૂકી દો વાસી થવા ન દો.
- બહારથી લાવેલો ખોરાક વધુ પડતો કલર, પ્રિઝર્વેટિવ્ઝ ધરાવતો હોય છે. વળી એને સ્વાદિષ્ટ બનાવવા માટે એસિટિક એસિડ અથવા વિનેગરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય છે. આ કારણોસર બહારનો ખોરાક આમ પણ એસિડિક હોય છે. તંદુપરાંત તે વાસી થતાં વધુ એસિડ ઉત્પન્ન કરે છે. એથી બહારથી ખોરાક મંગાવો ત્યારે જરૂરિયાત પૂરતો જ મંગાવો.
- દૂધ, ઇંડા તથા અન્ય માંસાહારી પદાર્થોમાં હાનિકારક બેકટેરિયાનું ઉત્પાદન અન્ય ખોરાક કરતાં વધુ ઝડપથી થતું હોય છે. એથી આ ખોરાક વધુ લાંબો સમય સાચવવો નહિ. ■

# વિચાર

- પટેલ મ.સાલેહ મ.હુશેન લિંડીયાતવી

આપણે સદ્ વિચારોરૂપી વરસાદ વરસાવી જીવનરૂપી બાગ ખિલવીએ અને બદ્‌વિચારોરૂપી અને અંધકારમય જીવનમાં સદ્‌વિચારોના દિપ પ્રગટાવીએ તે પહેલા એ જાણવું અતિઆવશ્યક છે કે વિચાર એટલે શું ? વિચાર કોને કહેવાય ? વિચાર શું કરી શકે ?

વિચારને ઘણાં બધા અર્થમાં મૂલવી શકાય. વિચાર એ પોતાનામાં ઘણો વિસ્તૃત અર્થ ધરાવે છે. વિચાર શબ્દને સંકુચિત અર્થમાં કે માર્યાદિક અર્થમાં ન મૂલવી શકાય. વિચાર પોતાનામાં એક વિશાળતા ધરાવે છે.

**વિચાર એટલે .....**

- માનવીની અસ્ફૂટ વાણી - માનવીની અસ્પષ્ટ વાણી
- માનવીના મનનાં તરંગો - માનવીની વિચારવાની શૈલી
- માનવીના મગજની વિચરોત્પાદન પ્રક્રિયા. - માનવીની મુકવાણી
- માનવીની માનસિક તરંગોની સ્તરચના
- માનવીની બુધ્ધિમત્તા - માનવીને પ્રવૃત્તિમય બનાવતી માનસિક સ્થિતિ - માનવીને દોડતો કરનાર પ્રેરણા શકિત
- માનવીને માર્ગ સુજાડનાર ઝબકારો - માનવીનું પ્રોત્સાહક પ્રેરકબળ

**વિચાર એટલે .....**

- તમારા માનસમાં શું ચાલી રહયું છે તે - તમારા મનોવલણો
- તમારા બુધ્ધિચાતુર્થનું ફલિતાર્થ - તમારા આચરણનું પ્રેરકબળ
